## ગારીયાધારના મહે.જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની અદાલતમાં, મું.ગારીયાધાર

### પરચુરણ ફોજદારી કેસ નં.૬૦/૨૦૨૬

### આંક–૦૧ લગત હુકમ

હાલની અરજી વંચાણે લીધી. તે બાબતે સામાવાળાને નોટીસ કરતા હાલના કામે, અરજદારની દીકરીને હાજર રાખેલ છે.

અરજદારની દીકરી સગીર વયના હોય જેથી તેઓનું આંક–૦૫ થી ઈન કેમેરા નિવેદન નોંધવામાં આવેલ છે.

અરજદારની દીકરી આંક–૦૫ થી તેઓના નિવેદનમાં તેઓ તેમના મામાના ઘરે દિનેશભાઈ ઢોલા, સુરત મુકામે જવા સ્વેચ્છાથી, ધાકધમકી વગર જવા માંગતા હોય જેથી હાલની અરજી લગત આથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

### હુકમ

(૧) અરજદારની હાલની અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) અરજદારની દીકરી કે જેઓ સગીર વયના હોય અને સ્વેચ્છાથી તેઓના મામાના ઘરે, સુરત જવા માંગતા હોય જેથી તેઓને પોલીસ બંદોબસ્ત સાથે તેઓના મામાના ઘરે સુરત મુકામે મુકી આવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સુપ્રિન્ટેન્ડેન્ટશ્રીએ આ બાબતે સંબંધિત પોલીસ સ્ટેશને યાદી કરવી.

(૪) સદરહું અરજી તે રીતે ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) હુકમની એક નકલ નારી સુરક્ષા કેન્દ્રને કરવી.

હુકમ આજ તા.૦૬મી, માહે–જુલાઇ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૬/૦૭/૨૦૨૬
સ્થળ : ગારીયાધાર

**(હિતેષકુમાર રસીકલાલ ઠક્કર)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ગારીયાધાર
Code No.GJ01448

*N.H.Katariya, PA*